# 5 ચિત્રકલાનો કમ્પ્યૂટરમાં રચનાત્મક ઉપયોગ

કમ્પ્યૂટર વિષયની પ્રાથમિક સમજ આજના વિજ્ઞાન અને ટેક્નોલૉજી યુગમાં આવશ્યક અને અનિવાર્ય છે. આજના ઝડપી યુગમાં સમયની સાથે અને સમયની ગતિએ માનવીને તાલ મેળવવામાં કમ્પ્યૂટર અનિવાર્ય બની ગયું છે. કમ્પ્યૂટર દ્વારા કોઈ પણ વિષયવસ્તુ, આકારો અને જાણકારી સરળતાથી પ્રાપ્ત થાય છે. જેથી વિદ્યાર્થીઓને વિષય પ્રત્યે અભિરુચી જાગે છે અને તેની વિચારશક્તિમાં પ્રગતિ થાય છે. ક્યારેક પોતાના વિચારોનું સર્જન કાગળ પર વ્યક્ત ન કરી શકનાર વિદ્યાર્થી કમ્પ્યૂટરની મદદથી પોતાની કલ્પનાની રચનાનું સર્જન કરી શકે છે. આજના ઝડપી વિકાસ અને ગુણવત્તાની અપેક્ષા રાખનાર માનવ માટે કમ્પ્યૂટરનું જ્ઞાન આપણી રોજિંદી જીવનશૈલીમાં ખૂબ જરૂરી છે.


દુનિયાના દેશો આજે વિકાસના પંથે આગળ વધી રહ્યા છે. ભારત દેશ પણ વિકાસશીલ દેશોમાંનો એક છે. વિકાસશીલ દેશને વિકસિત કરવા કમ્પ્યૂટર ખૂબ જ જરૂરી અને સફળ માધ્યમ રહ્યું છે. કમ્પ્યૂટરના માધ્યમથી આજે ચિત્રકલાના ક્ષેત્રે ખૂબ જ વિકાસ થયો છે.

ચિત્રકલાના કૉમર્શિયલ આર્ટમાં સરળતાથી કમ્પ્યૂટરના ઉપયોગ દ્વારા કામ થઈ શકે છે. ડિઝાઇન દોરવી, સિમ્બોલ બનાવવા, જાહેરાત, પ્રિન્ટિંગ કાર્ડ, લેટરપેડ કે ઑફિસ તથા ધંધા-રોજગારલક્ષી પ્રચાર ચિત્રો, 2ડી અને 3ડી આકારો તેમજ 2ડી અને 3ડી એનિમેશન દ્વારા કાર્ટુન ફિલ્મો / પેઇન્ટિંગ તેમજ આપણા રોજબરોજના જીવનમાં ઉપયોગી વ્યવસાયલક્ષી ક્ષેત્રોમાં કમ્પ્યૂટરનો ચિત્રકલામાં કલાત્મક ઉપયોગ થયો છે.

ચિત્રકલામાં રેખા દ્વારા ચિત્ર અને ભાવ વ્યક્ત થાય છે અને રંગકાર્ય દ્વારા ચિત્રકલામાં લાગણી દર્શાવી શકાય છે. આ કાર્યમાં કમ્પ્યૂટર દ્વારા વિવિધતા લાવી શકાય છે. કમ્પ્યૂટરમાં આપણે અલગ-અલગ સૉફ્ટવેર દ્વારા ચિત્ર દોરીને તેમાં રંગ પૂરી શકીએ છીએ. વિદ્યાર્થીજીવનમાં ઉપયોગી તેવા પેઇન્ટ બ્રશ, ફોટોશોપ, કોરલ ડ્રો જેવા જાણીતા સૉફ્ટવેર છે. આવાં કેટલાંક સૉફ્ટવેરનો પ્રાથમિક પરિચય મેળવીએ.


### ફોટોશોપ (Photoshop)

ફોટોશોપ સૉફ્ટવેર ફોટોગ્રાફને ડિજિટલ કરવામાં મદદ કરે છે. આ સૉફ્ટવેરમાં ફોટો ઇમેજમાં એડિટિંગ, મિક્સિંગ વધારાની ઇફેક્ટ તથા વેબ લે-આઉટ (Web 1ayout) તૈયાર કરવામાં ખૂબ જ ઉપયોગી છે. ફોટોશોપ મુખ્યત્વે પ્રોડક્ટ પોર્ટફોલિયો, કંપનીની જાહેરાત માટેની બુકલેટ (બ્રોશર્સ) બનાવવા જૂના તથા બગડી ગયેલ ફોટોગ્રાફ સુધારવા, વેબસાઇટ બનાવવા તથા પ્રિન્ટમિડિયા માટે જાહેરખબરોમાં ઘણો જ ઉપયોગ થાય છે. ઇમેજ મિક્સિંગ તેમજ ક્રિએટિવ ઇફેક્ટથી ફોટાને સુશોભિત કરી શકાય છે. અહીં બેથી વધુ વિવિધ ઇમેજ (ચિત્રો) ભેગી કરીને એક નવું સર્જન સરળતાથી થઈ શકે છે. હાલમાં મૉડેલિંગ ફોટોગ્રાફ, જાહેરાતની ઇમેજ, 2D-3D પેઈન્ટિંગ ફ્લેક્ષ બેનરમાં પણ ફોટોશોપ સૉફ્ટવેરનો વધુ ઉપયોગ થાય છે.



## કોરલ ડ્રો (Coral Draw) :


આ સૉફ્ટવેરમાં આપણે સરળતાથી લાઇન ડ્રૉઇંગ કરી શકીએ છીએ. રેખાઓ જરૂરિયાત મુજબ જાડી-પાતળી સરળતાથી કરી શકાય છે. કોરલ ડ્રોમાં આકારો દોર્યા પછી તેમાં ફેરફાર કરવાના ઘણા વિકલ્પો મળે છે. જેને તેની બુદ્ધિક્ષમતા દ્વારા



ફેરબદલ કરવાથી મૌલિકતાને મોકળાશ મળે છે. અહીં ચિત્રની ડિઝાઇનમાં, રંગોમાં ફેરફાર કરી શકાય છે. તેમાં વિવિધ પ્રયોગો થઈ શકે છે. રંગ અથવા આકૃતિમાં ટેક્ષ્ચર (પોત) સરળતાથી ભરી શકાય છે. ડિઝાઇનને લાઇટ-ડાર્ક તેમજ જરૂરિયાત મુજબની રંગપદ્ધતિ કરી શકાય છે. ડિઝાઇનમાં એકવાર કરેલું કાર્ય ન ગમતું હોય તો તેને મૂળ સ્થિતિમાં પાછું લાવી શકાય છે. આ સૉફ્ટવેરમાં કંપનીના લોગો (Logo)થી માંડી આર્ટવર્ક (Art work)વાળા ગ્રાફિક્સ (Graphics) બનાવી શકાય છે.


## પેઇન્ટ (Paint)

વિન્ડોઝ ઓપરેટિંગ સિસ્ટમની એસેસરિઝમાં પેઇન્ટ દ્વારા ચિત્રો દોરી શકાય છે. તેમજ તેમાં કલરો પૂરી આકર્ષક બનાવી શકાય છે. જેમ આપણે પેન્સિલ દ્વારા કાગળ પર આપણી ઇચ્છાનુસાર ચિત્રો દોરી શકીએ છીએ. તે જ પ્રમાણે પેઇન્ટમાં પણ પેન્સિલ ટુલ દ્વારા ઇચ્છિત ચિત્રો દોરી શકાય છે.



## એનિમેશન (Animation)

એનિમેશન (Animation) એટલે સમયની ગતિ પ્રમાણે બદલાતાં ચિત્રો, બીજા શબ્દોમાં કહીએ તો, એનિમેશન નિયત સમયમાં દર્શાવાતી એક પછી એક છબીઓની હારમાળા છે. આ માટે ગતિમાન અસરો દર્શાવતાં ડિજિટલ ચિત્રોને એક પછી એક દર્શાવવામાં આવે છે. એમ કહી શકાય કે ચિત્રિત આકૃતિઓ દ્વારા એનિમેશનની રચના કરવામાં આવે છે. ચિત્ર કે આકૃતિને જીવંત લાગે તેવી બનાવવા સાંખ્યિક છબીઓ (ડિજિટલ ઈમેજ)ને એક પછી એક રજૂ કરવામાં આવે છે. એનિમેશનમાં ઉપયોગમાં લેવાતી છબીઓને પહેલાં તૈયાર કરવામાં આવે છે અને ત્યાર બાદ તેને ક્રમબદ્ધ રીતે દર્શાવવામાં આવે છે. આજે એનિમેશન શબ્દ એ કમ્પ્યૂટરની ડિઝાઈનિંગ દુનિયામાં ઘણો પ્રચલિત શબ્દ છે. આજે બાળકોને ટી.વી.માં જોવા મળતા કાર્ટુન, કાર્ટુન ફિલ્મ એ એનિમેશનને આભારી છે. એનિમેશનને દ્વિ-પરિમાણીય (Two dimensional 2D) કે ત્રિ-પરિમાણીય (Three Dimensional 3D) એમ બે વિભાગમાં વિભાજિત કરી શકાય છે.



### સ્વાધ્યાય

**1. યોગ્ય વિકલ્પ પસંદ કરો :**

(1) આજના ઝડપી યુગમાં સમયની સાથે-સાથે માનવીને કયું સાધન અનિવાર્ય બની ગયું છે ?

(A) કેમેરો (B) પ્રિન્ટર (C) દૂરદર્શન (D) કમ્પ્યૂટર

(2) ફોટો ઈફેક્ટ અને ઈમેજ મિક્સિંગ માટે કયું સૉફ્ટવેર વધુ ઉપયોગી છે ?

(A) કોરલ ડ્રો (B) ફોટોશોપ (C) એનિમેશન (D) પેઈન્ટ

(3) બાળકોને ટી.વી.માં જોવા મળતા કાર્ટુન, કાર્ટુનની ફિલ્મ શાને આભારી છે ?

(A) કોરલ ડ્રો (B) ફોટોશોપ (C) એનિમેશન (D) પેઈન્ટ

(4) સિમ્બોલ કે લોગો બનાવવા માટે કયા સૉફ્ટવેરનો ઉપયોગ વધુ થાય છે ?

(A) કોરલ ડ્રો (B) ફોટોશોપ (C) એનિમેશન (D) પેઈન્ટ

(5) કયા સૉફ્ટવેરમાં સરળતાથી લાઈન ડ્રૉઈંગ કરી શકાય છે.?

(A) કોરલ ડ્રો (B) પેજમેકર (C) એનિમેશન (D) કેમેરો